# અરવલ્લી : વહીવટી તંત્રને જિલ્લા રમત-ગમત સંકુલના નિર્માણમાં જરાય રસ નથી કે શું ?

## બે વાર ગ્રાન્ટ પરત ગઈ..!! સ્પોર્ટ્સમાં જીલ્લો રાજ્યમાં ૧૫માં સ્થાને



કેન્દ્ર અને રાજ્ય સરકાર રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે અનેક પ્રયાસો ભલે કરે પરંતુ અધિકારીઓને આમાં જરાય રસ ન હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જિલ્લાની રચના થયા બાદ જિલ્લા રમત-ગમત સંકુલ માટેની કામગીરી શરૂ કરવાની વાતચીતો ચાલી, જમીનની ફાળવણી પણ કરવામાં આવી, પણ બાંધકામ ક્યારે શરૂ કરાશે તે અંગે વહીવટી તંત્ર દ્વારા ઑલો અપ લેવાય છે કે, નહીં તે તો ભગવાન જાણે, પણ હાલ તો જિલ્લાના રમતવીરોએ અરવલ્લીને રાજ્યમાં ૧૫મા સ્થાને લાવીને ભૂલ કરી હોય તેવું લાગી રહ્યું છે.

સરકાર દ્વારા જિલ્લા રમત સંકુલ માટે બે વાર ગ્રાન્ટ ફાળવી દીધી હતી, પણ હજી વહીવટી કામગીરીની આંટીઘૂંટીને કારણે અંદાજે ૭૦ લાખ રૂપિયાની સરકારમાંથી મળેલ ગ્રાન્ટ પરત ગઈ. સ્પૉર્ટ સંકુલ માટે વહીવટી તંત્ર જાણે રસ કેમ નથી દાખવતું તે એક સવાલ છે. આ પહેલા કલેક્ટર દ્વારા રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે અથાગ પ્રયત્નો કરીને મદાપુર નજીક ૨૫ એકર જમીન ફાળવી દેવામાં આવી હતી, પણ હવે કાર્યવાહી કરવામાં ન આવી હોય તેવું લાગી રહ્યું છે.

રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકારે ખેલો ઈન્ડિયા અને રાજ્ય સરકારે ખેલ મહાકુંભ થકી એક નવી પહેલ કરી છે, પરંતુ રમતવીરોને ઘર આંગણે યોગ્ય સુવિધાઓ ન મળવાથી રમતવીરોમાં રોષ જોવા મળી રહ્યો છે, એટલું જ નહીં અન્ય જિલ્લામાં રમત માટે જવાનો વારો આવી રહ્યો છે. પણ તંત્રને ક્યારે રમતવીરોની વેદના સાંભળશે તે કોઈ જાણતું નથી.

અરવલ્લી જિલ્લામાં વિકાસની વેગ આપવા માટે એક વર્ષ પહેલા ન્યૂ મોડાસાનો કન્સેપ્ટ શરૂ કરવામાં આવ્યો હતો, અને ત્યારબાદ ગેસ પંપ સ્ટેશન, ગેસ પાઈપલાઈન, આયુર્વેદિક કોલેજની જમીન ફાળવણી, પોલિસ હેડ ક્વાર્ટર જમીન ની ફાળવણી જે-તે સમયે કરવામાં આવી હતી, પણ હાલના તબક્કે નવી કોઈ જ કામગીરી થઈ નથી, જેમાંનો મુખ્ય પ્રશ્ન જિલ્લા રમત સંકુલન છે, જે હવે રતવીરો માટે તાતી જરૂરિયા છે, તે જોવું રહ્યું.

### જિલ્લા રમત-ગમત સંકુલની સુવિધાઓ

૧) ઈન ડૉર હૉલ રમત

લૉન ટેનિસ, બેડ મિન્ટન, જૂડો, કુસ્તી, શૂટિંગ

૨) આઉટ ડૉર રમત

એથ્લેટિક (સિન્થેટિક ટ્રેક – ૪૦૦ મી.), લૉન ટેનિસ ગ્રાઉન્ડ (૪ ગ્રાઉન્ડ), બાસ્કેટ બોલ (૨ કોર્ટ), હેન્ડ બોલ (૧ ગ્રાઉન્ડ), સ્વિમિંગ પૂલ (૫૦ મી.), ખો – ખો, કબડ્ડી, આર્ચરી, ફૂટબોલ, વૉલિબોલ (૪ કોર્ટ)

### સ્પૉર્ટ સંકુલની અન્ય સુવિધાઓ

૬૧૩ બેડની હૉસ્ટેલ, ૧૫ રમત, ઈન ડૉર હૉલ, સ્વિમિંગ પૂલ



### તાલુકા રમત સંકુલને લઈને ભિલોડા મામલતદારની ઢીલી નીતિ !

જિલ્લા કક્ષાએ રમત સંકુલની સાથે તાલુકા રમત સંકુલ બનાવવા માટે પણ સરકાર દ્વારા પહેલ કરવામાં આવે છે, જો કે, અધિકારી જાણે કયા કામમાં વ્યસ્ત હોય છે, તે કોઈ જાણતું નથી. ભિલોડા મામલતદાર કચેરીને તારીખ ૧૯-૦૬-૨૦૧૮ ના રોજ સીનિયર કોચ દ્વારા જમીનની ફાળવણી કરવા માટે જણાવેલ છે, પરંતુ જમીન આજદીન સુધી મળી નથી. સીનિયર કોચના પત્ર બાદ ભિલોડા મામલતાર દ્વારા જબાવ આપવામાં આવ્યો હતો કે, અમે જમીન શોધવાની કાર્યવાહી કરી રહ્યા છે. જમીન મળ્યે જાણ કરીશું. પણ આજદીન સુધી તાલુકા રમત સંકુલની જમીનને લઈને કોઈ જાણ કરવામાં આવી નથી.

### જીલ્લાના ખેલાડીઓનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોગદાન

રેસ વૉકિંગ એથ્લેટિક રમતમાં માલપુર તાલુકાના બાબુભાઈ પણુચાએ અવ્વલ સ્થાન મેળવ્યું છે ત્યારે રાષ્ટ્રીય કક્ષાએ સલીમ સુધારે જૂડોમાં પોતાની પ્રતિભા બતાવી જિલ્લાને ઓળખ અપાવી છે. આ સાથે જ હોકી, ટેબલ ટેનિસ, લૉન ટેનિસ, આર્ચરી, કબડ્ડી, ખો-ખો, જૂડો, કુસ્તી અને એથ્લેટિક જેવી રમતોમાં ૧૦૦ થી વધારે પ્રતિભાશાળી રમતવીરો છે.

### ખેલ મહાકુંભમાં અરવલ્લી જિલ્લાના રમતવીરોનું યોગદાન

છેલ્લે વર્ષ ૨૦૧૮માં યોજાયેલા ખેલ મહાકુંભમાં અરવલ્લી જિલ્લાનું સ્થાન સમગ્ર રાજ્યમાં ૧૩માં સ્થાને રહ્યું હતું, જેમાં રમતવીરોએ અરવલ્લી જિલ્લાને ૮૪ જેટલા મેડલ અપાવ્યા હતા. જેમાં ૦૭ - ગૉલ્ડ, ૩૮ - સિલ્વર અને ૩૯- બ્રૉન્ઝ મેડલનો સમાવેશ થાય છે.



### મોડાસાના ડુંગરી વિસ્તારમાં લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરેલ સ્પૉર્ટ સંકુલ બિનઉપયોગી બન્યું !

ડુંગરી વિસ્તારમાં આવેલનું મકાન વર્ષ ૨૦૧૫-૧૬માં નિર્માણ થયું હતું, ત્યારબાદ રમત-ગમત માટે સંકુલ તૈયાર કરવા વર્ષ ૨૦૧૭-૧૮માં મંજૂરી મળી હતી. આ સંકુલનું નિર્માણ કાર્ય વર્ષ ૨૦૧૯માં બનીને તૈયાર થયું હતું. અંદાજે ૫૯ લાખના ખર્ચે તૈયાર થયેલ સ્પૉર્ટ સંકુલ બનાવવામાં તો આવ્યું પણ, આજદિન સુધી રમત માટે ઉપયોગ કરવામાં આવ્યો નથી. સ્પૉર્ટ સંકુલમાં સ્કિલ્ડ સ્ટાફ ન હોવાથી શોભાના ગાંઠિયા સમાન બની ગયું છે. ડુંગરી વિસ્તારના સ્પૉર્ટ સંકુલની સુવિધાઓ બાસ્કેટ બૉલ, લૉન ટેનિસ, વૉલિબોલ સ્કેટિંગ રિંગ, ટેબલ ટેનિસ ઈન ડૉર બેડમિંટન ઈન ડૉર ઉપલબદ્ધ હોવાની જોરશોર થી જાહેરાતો થઈ હતી.

### જિલ્લાના આંતરરાષ્ટ્રીય રમતવીરો વહીવટી તંત્રની નજરથી દૂર થયા !



બાબુભાઈ પણુચા એવા ખેલાડી છે કે, જેમણે દેશ અને રાજ્યનું નામ રેસ વોકિંગમાં રોશન કર્યું છે, તેમણે ભારતને બ્રોન્જ મેડલ અપાવ્યો હતો. માલપુર તાલુકાના આંબાવા ના વતની એવા બાબુભાઈ પણુચાએ ભારતીય ટીમનું નેતૃત્વ કરનાર ભારતીય ટીમના ત્રણ ખિલાડીઓ પૈકી એક હતા. વર્ષ ૨૦૧૨માં રશિયાના સારાન્સ્ક ખાતે આયોજિત આઈ.એ.એફ વર્લ્ડ રેસ વોકિંગની વીસ કિલો મિટરની પુરૂષ પ્રતિયોગીતામાં ગુજરાતના બાબુભાઈ સહિત અન્ય બે ખેલાડીઓએ કે.ટી.ઈરફાન અને સુરિન્દ્ર સિંઘની ટીમ મેડલથી એક ડગલુ દૂર હતી. પણ બીજા ક્રમાંકે આવનાર અને સિલ્વર મેડલ જીતનાર યુક્રેનની ટીમના એક ખેલાડી ડોપિંગ ટેસ્ટમાં પોઝિટિવ આવતા મેડલ પરત ખેંચી લેવાયો હતો, અને ચોથા ક્રમાંકે આવનાર ભારતીય ટીમને બ્રોન્જ મેડલ આપવામાં આપવાનો નિર્ણય વર્ષ ૨૦૧૯માં કરાયો હતો. વર્ષ ૨૦૧૨માં આયોજિત વર્લ્ડ રેસ વોકિંગમાં ચીનએ ગોલ્ડ, યુક્રેનએ સિલ્વર તેમજ ઓસ્ટ્રેલિયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો, ત્યારે ભારતીય ટીમ ચોથા નંબરે રહી હતી, પણ યુક્રેનની ટીમ ડોપિંગ ટેસ્ટમાં પોઝિટિવ આવતા સાત વર્ષ પછી ભારતની વર્લ્ડ વોક રેસિંગમાં બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. તો બીજા બે નેત્રહિન ક્રિકેટર વિકાસ પટેલ અને ભલાજી ડામોર કે, જેમણે ભારતને ૨૮ વર્ષ પછી વર્લ્ડ કપ અપાવ્યો હતો, જેઓ આજે વહીવટી તંત્રને ખ્યાલ છે કે, નહીં તે એક સવાલ છે. આવા જિલ્લાના ગૌરવવંતા રમતવીરોને યાદ પણ નથી કરાતા.

### સ્પૉર્ટ સંકુલ બને તો જિલ્લાના વધુને વધુ યુવાઓની રમત ક્ષેત્રે રૂચિ વધી શકે

અરવલ્લી જિલ્લાની રચના થયાને સાડા સાત વર્ષ જેટલો સમય



વીતી ગયો છે, પણ હજુ જિલ્લા રમત સંકુલનું કાંઈ જ ઠેકાણું નથી. પણ જો જિલ્લાના રમત સંકુલની કામગીરીને ફરીથી વેગ મળે અને સત્વરે રમત સંકુલ બનાવવાની દિશામાં કામગીરી તેજ કરવામાં આવે તો જિલ્લાના અનેક રમતવીરો માટે લાભદાયી નિવળી શકે એમ છે. જિલ્લાના રમતવીરો આર્ચરી, એથ્લેટિક, કબડ્ડી, વૉલિબોલ, ટેબલ ટેનિસ, લૉન ટેનિસ, ખો-ખો વગેરે જેવી રમતોમાં રૂચિ છે, એટલું જ નહીં મહિલા રમતવીરોમાં પણ તેટલો જ ઉત્સાહ જોવા મળે છે, પણ હાલ જે વ્યવસ્થા છે, તે પૂરતી નથી જેને કારણે રમતવીરોમાં નારાજગી જોવા મળતી હોય તેવું લાગી રહ્યું છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મેઘરજ તાલુકા દ્વારા કર્તવ્યબોધ દિવસની ઉજવણી કરાઈ

મેઘરજ, તા. ૨૪

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આહવાનથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-મેઘરજ



તાલુકા દ્વારા રામદેવ આશ્રમ-વૈયા મેઘરજના સ્થાપક અને મહંત દિપકભાઈ રામદેવપુત્રમના અધ્યક્ષસ્થાને બીઆરસી ભવન, મેઘરજના હોલમાં 'કર્તવ્ય બોધ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મેઘરજ તાલુકા રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના અધ્યક્ષ વિનોદભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અરવલ્લી જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા વિનોદભાઈ પંડ્યા અને તાલુકા શાળાના સિનિયર એચટાટ આચાર્ય બંસીલાલ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું અને બંને મહાનુભાવોએ પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. સ્પેસ ગર્લ ટ્વિશા ચૌધરીનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. અને ટ્વિશા ચૌધરીએ પોતાના અનુભવો રજુ કર્યા હતા. બાદમાં અરવલ્લી જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના મહામંત્રી પ્રજ્ઞેશભાઈ શર્માએ કર્તવ્યનિષ્ઠા વિષયે પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. તથા જિલ્લા અધ્યક્ષ મિનેશભાઈ પટેલે સંઘની કાર્યપ્રણાલી અને અરવલ્લી જિલ્લામાં કરેલ પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ અને રામદેવ આશ્રમ-વૈયા મેઘરજ ના સ્થાપક અને મહંત દિપકભાઈ રામદેવપુત્રમે પ્રસંગોપાત ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે મેઘરજ તાલુકાના મહામંત્રી પરેશભાઈ પટેલ એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. છેલ્લે ઉપસ્થિત સૌએ સ્વામીજી અને નેતાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રચાર પ્રસાર મંત્રી રાજેશભાઈ પટેલે કર્યું હતું.

# પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે ૨૬મી જાન્યુઆરીએ તાલુકાકક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ તાલુકા સેવાસદન ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ તાલુકા કક્ષાનું પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવનાર છે.

# યાત્રાધામ અંબાજી અને શામળાજી ખાતે મગજના લાડુની પ્રસાદી ચાલુ કરાઈ

યાત્રાધામ શામળાજી ખાતે ભેટ ના બદલામાં આવતા મગજના લાડુ પ્રસાદ ની ગોટી છેલ્લા અગિયાર મહિના કરતાં વધુ સમયથી કોરોનાના મહામારી ના પગલે બંધ કરવામાં આવી હતી જ્યારે હવે કોરોના ના કેસ ઓછા થવા લાગ્યા છે અને બીજી તરફ રસી પણ આવી ચૂકી છે ત્યારે મંદિર ટ્રસ્ટ દ્વારા પૃણ ગોટી નો પ્રસાદ ચાલુ કરવામાં નો નિર્ણય કરવામાં આવ્યો હતો અને



આજથી ભક્તો જે ભેટ આપે છે તેની સામે પ્રસાદ ની ગોટી નો પ્રસાદ આપવાનું મંદિર ટ્રસ્ટ દ્વારા ચાલુ કરવામાં આવ્યું

આજે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દર્શને આવ્યા હતા ભક્તો ભગવાનના દર્શનની બાદ પ્રસાદી ની ગોટી ભેટ આપ્યા બાદ મેળવી રહ્યા હતા અને ભગવાનનો પ્રસાદ ઘરે પણ લઈ જતાં જોવા મળ્યા હતા પ્રસાદી લઈ ભક્તો આનંદમા જોવા મળ્યા હતા

# પ્રાંતિજ ખાતે મફત નિદાન કેમ્પ યોજાયો

**હાથ-પગ-ઢીંચણનો દુઃખાવો થતા લોકોએ લાભ લીધો : સ્થળ ઉપર તપાસ સહિત એક્સ રે મશીન દવા સહિતની સુવિધાઓ પુરી પાડવામાં આવી**

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મફત નિદાન કેમ્પ



યોજાયો હતો જેમાં પ્રાંતિજ સહિત તાલુકાના લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી મંદિર ખાતે મફત નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાથ-પગ ધૂંટણનો દુખાવો થતા લોકોએ આ કેમ્પનો ઘર આગળ લાભ લીધો હતો તો અમદાવાદ ખાતે આવેલ સેન્ટારા હોસ્પિટલના તબીબી ડૉ. જેસીન પટેલ દ્વારા ઉપસ્થિત રહીને દર્દીઓની એક્સ રે ફોટો કોપી પડાવી હાથ-પગ ઢીંચણના દુખાવાઓ સહિતનું મફત નિદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા તથા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રતિલાલ ટેકવાણી ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પને જરૂરીયાતમંદો માટે ખુલ્લો મુકાવ્યો હતો. વિજયભાઈ પટેલ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, શૈલેષભાઈ ત્રિવેદી, વિપુલભાઈ ભોઈ સહિત ઉપસ્થિત રહીને પોતાની સેવાઓ પુરી પાડી હતી.

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર

## પાલનપુર અને ડીસા નગરપાલિકા માટે ૨૮ ફેબ્રુઆરીએ યોજાશે

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ગુજરાત રાજ્યમાં ડિસેમ્બરમાં યોજનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બંધ રાખવામાં આવી હતી. જે ચૂંટણી શનિવારે જાહેર કરવામાં આવી છે. જેને પગલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચાલતી અટકળોનો અંત આવ્યો છે.

રાજ્યની ૬ મહાનગર પાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે. મહાનગરપાલિકાની ચૂંટણી ૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાશે. ત્યારે જિલ્લા/ તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે.

સરહદી બનાસકાંઠા



પાલનપુર નગર પાલિકાની ચૂંટણીઓ જાહેર થતા આદર્શ આચારસંહિતા પણ અમલમાં આવી ગઈ છે. ત્યારે પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં લગાવેલા રાજકીય બેનરો ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ટુંક સમયમાં તમામ રાજકીય બેનરો ઉતારી લેવામાં આવશે તેવું પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર સતીશ પટેલે જણાવ્યું હતું.

જિલ્લામાં પાલનપુર અને ડીસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ત્યારે પાલનપુર અને ડીસામાં પણ ૨૮મી ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. જેની મતગણતરી ૨ જી માર્ચના રોજ કરવામાં આવશે. પાલનપુર અને ડીસાની ચૂંટણી જાહેર થતાં ચૂંટણી લડવા થનગનતા મુરતિયાઓ ટિકિટ મેળવવા માટે લોબિંગ શરૂ કરી દીધું છે.

ચૂંટણીને પગલે શનિવારથી જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી જતા સમગ્ર તંત્ર હવે ચૂંટણી પંચની બાજ નજર હેઠળ કામ કરશે. આમ, પાલનપુર અને ડીસા નગરપાલિકાની ચુંટણીને લઈને કોણ બાજી મારશે તેને લઈને જિલ્લાવાસીઓની ઉત્સુકતા વધી રહી છે

## એન. પી.પટેલ આટર્સ કોલેજ, પાલનપુરમાં 'સુભાષચન્દ્ર બોઝની જન્મજયંતિ' ઉજવાઈ

શ્રી બનાસકાંઠા આંજણા કેળવણી મંડળ સંચાલિત એન. પી.પટેલ આટર્સ એન્ડ એસ.પી કોમર્સ કોલેજ, પાલનપુરમાં આર્ટ્સ વિભાગ ના એન. એસ. એસ. યુનિટ અંતર્ગત 'સુભાષચન્દ્ર બોઝની જન્મજયંતિ' ઉજવાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને કોલેજના પ્રાધ્યાપકઓ પ્રા. હાર્દિકભાઈ પટેલ, પ્રા. વિવેકભાઈ રાઈગોર દ્વારા સુભાષચંદ્ર બોઝના જીવન અને કર્તવ્ય વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. કલ્પનાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્યા ડૉ. મનીષાબેન પટેલની અધ્યક્ષતામાં એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મનહરકુમાર મકવાણા એ કર્યું હતું.

## પાલનપુરમાં ભાજપ-કોંગ્રેસ સહિતની સંસ્થાઓએ સુભાષબાબુને અર્પી પુષ્પાંજલિ

"તુમ મુઝે ખૂન દો- મેં તુમ્હે આઝાદી દૂંગા" નો નારો આપનાર આઝાદ હિન્દ ફોઝના સ્થાપક સુભાષ ચંદ્ર બોઝની આજે જન્મ જયંતિ છે. ત્યારે પાલનપુર ના કીર્તિસ્થભ વિસ્તાર માં આવેલી સુભાષબાબુની પ્રતિમાને સુભાષચંદ્ર બોઝ સ્મારક સમિતિ દ્વારા પુષ્પાંજલિ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યાં કોંગ્રેસ અને ભાજપ દ્વારા પણ સુભાષબાબુની પ્રતિમાને પુષ્પાંજલી અર્પવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસે સુભાષબાબુને કોરાણે મુક્યા હોવાનો આડકતરો આક્ષેપ કરવાનું જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ ભૂલ્યા ન હતા. તેઓએ કોંગ્રેસ નું નામ લીધા વિના સ્વાર્થી તત્વોએ સુભાષબાબુને કોરાણે મુક્યા હોવાની માર્મિક ટકોર કરી હતી.

રાજકીય પક્ષો ઉપરાંત વિવિધ સંગઠનો દ્વારા પણ સુભાષ બાબુને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, મહામંત્રી ડાહ્યાભાઈ પીલિયાતર, મંત્રી દશરથસિંહ સોલંકી, ઉપપ્રમુખ માધુભાઈ રાણા, સહિત પાલિકાના પૂર્વ નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સુભાષચંદ્ર બોઝ સમિતિના કન્વિનર દલપતભાઈ બારોટ, કનકભાઈ પંડ્યા એ અપાર જહેમત ઉઠાવી હતી.